Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 2 • Issue :50• Date : 03-04-2025 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

# ૬૦૦થી વધારે પ્રાઈવેટ હોસ્પિટલોએ લીધો આયુષ્માન કાર્ડમાંથી આઉટ થવાનો નિર્ણય

એજન્સી દ્વારા

નવી દિલ્હી

વર્ષ ૨૦૧૮ માં શરૂ થયેલી ભારત સરકારની મહત્વાકાંક્ષી આરોગ્ય યોજના, આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના **(AB-PMJAY)** અંગે એક મોટી માહિતી સામે આવી છે. સરકારી આંકડા અનુસાર, આ યોજના શરૂ થયા પછીથી અત્યાર સુધીમાં ૬૦૦ થી વધુ પ્રાઈવેટ હોસ્પિટલોએ સ્વેચ્છાએ તેમાંથી બહાર નીકળવાનો નિર્ણય લીધો છે. આ હોસ્પિટલોએ મોડું પેમેન્ટ અને ઓછા રિએમ્બર્સમેન્ટ રેટ જેવા કારણો આપીને યોજનામાંથી પોતાને અલગ કરી દીધા છે.

આયુષ્માન ભારત યોજનાથી પોતાને અલગ કરનારી પ્રાઈવેટ હોસ્પિટલોમાં સૌથી વધુ ગુજરાત રાજ્યની હોસ્પિટલો છે. ગુજરાતની ૨૩૩ હોસ્પિટલોએ યોજનાથી બહાર થવાનો નિર્ણય લીધો. આ પાછો કેરળમાં ૧૪૬ અને મહારાષ્ટ્રમાં ૮૩ હોસ્પિટલોએ પણ આ પ્રકારનું પગલું ભર્યું છે. સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી પ્રતાપરાવ જાધવ દ્વારા રાજ્યસભામાં શેર કરવામાં આવેલા આંકડાઓ અનુસાર કુલ ૬૦૯ પ્રાઈવેટ હોસ્પિટલો અત્યાર સુધીમાં આ યોજનાથી બજાર થઈ ચુકી છે. આ સ્થિતિ એ યોજના માટે ચિંતાનો વિષય બની ગઈ છે, જેનો ઉદ્દેશ દેશના ૧૦ કરોડ પરિવારો કે લગભગ ૫૦ કરોડ લોકોને સ્વાસ્થ્ય સુરક્ષા પૂરી પાડવાનો છે.

પ્રાઈવેટ હોસ્પિટલોનું કહેવું છે કે યોજના અંતર્ગત નક્કી કરાયેલા નીચા દરો અને પેમેન્ટમાં થતા વિલંબને કારણે તેમના માટે કામ કરવું મુશ્કેલ બની રહ્યું છે. ઘણી હોસ્પિટલોએ દાવો કર્યો છે કે રાજ્ય સરકારો દ્વારા સમયસર ફંડ રિલીઝ ન થવાને કારણે તેમને સમયસર પૈસા મળતા નથી, જેનાથી તેઓ આ યોજનામાં ભાગીદારી ચાલુ રાખવામાં અસમર્થ થઈ રહ્યા છે. ઉદાહરણ તરીકે, ફેબ્રુઆરીમાં, ઇન્ડિયન મેડિકલ એસોસિએશન **(IMA)** ના હરિયાણા એકમ હેઠળની સેંકડો ખાનગી હોસ્પિટલોએ ૪૦૦ કરોડ રૂપિયાથી વધુની ચુકવણી બાકી હોવાથી આ યોજના હેઠળ સેવાઓ બંધ કરવાની જાહેરાત કરી હતી. આ પછી, પંજાબ અને જમ્મુ અને કાશ્મીરમાં ખાનગી હોસ્પિટલો અને નર્સિંગ હોમ્સ એસોસિએશનો દ્વારા પણ આવા જ સસ્પેન્શનની માંગ કરવામાં આવી હતી.

છત્તીસગઢ અને ગુજરાત જેવા રાજ્યોમાં, કેટલાક સારવાર પેકેજો ફક્ત સરકારી હોસ્પિટલો માટે જ અનામત રાખવામાં આવ્યા હોવાને અને સરકારી હોસ્પિટલો તરફથી કોઈ રેફરલ ન મળવાને કારણે પણ ખાનગી હોસ્પિટલો બહાર નીકળી રહી છે. રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં, આરોગ્ય રાજ્યમંત્રી પ્રતાપરાવ જાધવે જણાવ્યું કે રાષ્ટ્રીય આરોગ્ય સત્તામંડળ **(NHA)** એ હોસ્પિટલો માટે માર્ગદર્શિકા નક્કી કરી છે કે તેઓ આંતર-રાજ્ય હોસ્પિટલો માટે ક્લેમ દાખલ કર્યાના ૧૫ દિવસની અંદર અને રાજ્યની બહાર સ્થિત પોર્ટેબિલિટી હોસ્પિટલો માટે ૩૦ દિવસની અંદર ક્લેમ ચૂકવે.

આયુષ્માન ભારત યોજના ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રાંચી, ઝારખંડમાં શરૂ કરવામાં આવી હતી. આ યોજના ગરીબ અને નબળા પરિવારોને દર વર્ષે ૫ લાખ રૂપિયા સુધીનો મફત આરોગ્ય વીમો પૂરો પાડે છે. આ યોજના શરૂઆતમાં લગભગ ૧૦.૭૪ કરોડ ગરીબ અને સંવેદનશીલ પરિવારોને આવરી લેતી હતી, જે ૨૦૧૧ ની સામાજિક આર્થિક અને જાતિ વસ્તી ગણતરી (જીઈઝઝ) મુજબ ભારતની વસ્તીના સૌથી નીચેના ૪૦ ટકા છે. જાન્યુઆરી ૨૦૨૨ માં લાભાર્થીઓનો આધાર પાછળથી ૫૫.૦ કરોડ વ્યક્તિઓ અથવા ૧૨.૩૪ કરોડ પરિવારો સુધી સુધારી દેવામાં આવ્યો. ફક્ત ૨૦૨૪ માં, આ યોજનાનો વિસ્તાર કરીને ૩૭ લાખ આશા અને આંગણવાડી કાર્યકરો અને તેમના પરિવારોને મફત આરોગ્યસંભાળ લાભો માટે આવરી લેવામાં આવ્યા, અને વર્ષના અંતે, સરકારે ૭૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના લગભગ ૬ કરોડ વરિષ્ઠ નાગરિકોને આવરી લેવાની જાહેરાત કરી. પાછળથી, ઓડિશા અને દિલ્હી **PMJAY** માં જોડાનારા ૩૪માં અને ૩૫માં રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશો **(UT)** બન્યા, જેના કારણે આ યોજના હેઠળ ૭૦ લાખથી વધુ પરિવારો ઉમેરાયા.

સરકારનું કહેવું છે કે તે આ સમસ્યાના ઉકેલ માટે પગલાં લઈ રહી છે. હરિયાણામાં આયુષ્માન ભારતના જોઈન્ટ સીઈઓ અંકિતા અધિકારીએ તાજેતરમાં કહ્યું હતું કે ફંડ જારી કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે અને એક અઠવાડિયામાં પરિસ્થિતિને સંભાળી લેવામાં આવશે. આ ઉપરાંત, કેન્દ્ર સરકારે ખાનગી હોસ્પિટલોની ફરિયાદોને ગંભીરતાથી લીધી છે અને પેકેજ દરોની સમીક્ષા કરવા અને પેમેન્ટ પ્રક્રિયા ઝડપી બનાવવાની વાત કરી છે. જોકે આ યોજનાથી અત્યાર સુધીમાં કરોડો દર્દીઓને ફાયદો થયો છે અને લગભગ ૩૬ કરોડ લોકોને આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યા છે, પરંતુ ખાનગી હોસ્પિટલોને બાકાત રાખવાથી તેના ભવિષ્ય માટે ખતરો ઉભો થઈ શકે છે. નિષ્ણાતો માને છે કે જો પેમેન્ટ પ્રણાલીમાં સુધારો નહીં થાય, તો વધુ હોસ્પિટલો આ યોજનામાંથી બહાર નીકળી શકે છે, જે ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને સૌથી વધુ નુકસાન પહોંચાડશે. આયુષ્માન ભારત યોજના અંગે ઉભા થઈ રહેલા આ પ્રશ્નો વચ્ચે, સરકાર સમક્ષ સૌથી મોટો પડકાર એ સુનિશ્ચિત કરવાનો છે કે ખાનગી ક્ષેત્રની ભાગીદારી ચાલુ રહે અને ગરીબો સુધી આરોગ્ય સેવાઓની પહોંચ પ્રભાવિત ન થાય. આ યોજના તેના મૂળભૂત ઉદ્દેશ્યને પૂર્ણ કરી શકે તે માટે આ દિશામાં નક્કર પગલાં લેવાની જરૂર છે.

# નમાઝ પઢવા માટે ઈદગાહ અને મસ્જિદ છે, રસ્તો નહીં : યોગી આદિત્યનાથ

એજન્સી દ્વારા

લખનૌ

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સ્પષ્ટપણે કહ્યું છે કે, રસ્તા પર નમાજ પઢવી શક્ય નથી. આ સાથે, તેમણે રસ્તાઓ પરથી પસાર થતી કાવડ યાત્રા અંગે પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. આ ઉપરાંત, વકફ (સુધારા) બિલનો વિરોધ કરનારાઓની આકરી ટીકા કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ કહ્યું છે કે, વકફ મિલકત થોડા લોકોના કબજામાં છે અને આ મિલકતો દ્વારા કોઈ ગરીબ મુસ્લિમને ફાયદો થયો નથી.સમાચાર એજન્સી પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે રસ્તાઓ પર નમાજ અદા કરવા અંગે કહ્યું, 'રસ્તાઓ ચાલવા માટે છે અને જે લોકો રસ્તા પર નમાજ પઢવાની તરફેણ કરી રહ્યાં છેપ તેમણે હિન્દુઓ પાસેથી શિસ્ત શીખવી જોઈએ.' પ્રયાગરાજમાં ૬૬ કરોડ લોકો આવ્યા. ક્યાંય લૂંટફાટ નહોતી, ક્યાંય આગચંપી નહોતી, ક્યાંય છેડતી નહોતી, ક્યાંય તોડફોડ નહોતી, ક્યાંય અપહરણ નહોતું, આ શિસ્ત છે, આ ધાર્મિક શિસ્ત છે. તેઓ શ્રદ્ધા સાથે આવ્યા, 'મહાસ્નાન'માં ભાગ લીધો અને પછી તેમના ગંતવ્ય સ્થાન તરફ આગળ વધ્યા. તહેવારો અને ઉજવણીઓ અથવા આવા કોઈપણ કાર્યક્રમો અપમાનનું માધ્યમ ન બનવું જોઈએ. જો તમને સગવડ જોઈતી હોય, તો તે શિસ્તનું પણ પાલન કરવાનું શીખો.મુખ્યમંત્રીએ કહ્યું, 'કાવડ યાત્રા સાથે સરખામણી કરવામાં આવી રહી છે, કાવડ યાત્રા હરિદ્વારથી ગાઝિયાબાદ અને દ્વઝઇ વિસ્તારોમાં જાય છે.' તે ફક્ત રસ્તા પર જ ચાલશે. શું આપણે ક્યારેય પરંપરાગત મુસ્લિમ સરઘસો બંધ કર્યા છેપ.આપણે ક્યારેય તેમને રોક્યા નથીપ.મુહર્રમના સરઘસો નીકળે છે. હા, ચોક્કસ કહેવાય છે કે તાજિયાનું કદ થોડું નાનું રાખો કારણ કે તે તમારી સલામતી માટે છે. રસ્તામાં હાઈ ટેન્શન વાયર હશે, જે તમારા માટે બદલવામાં આવશે નહીં. જો તમને હાઈ ટેન્શનનો સામનો કરવો પડશે તો તમે મરી જશો. આવું જ થાય છે. કાવડયાત્રામાં પણ એવું કહેવામાં આવે છે કે ડીજેનું કદ ઘટાડવું જોઈએ. જો કોઈ આવું નહીં કરે તો કડક કાર્યવાહી કરવામાં આવે છે. કાયદો બધાને સમાન રીતે લાગુ પડે છે. તો પછી સરખામણી કેવી રીતે થઈ રહી છે?તેણે કહ્યું, 'ઈદ પર તમે કયું પ્રદર્શન કરશો?' શું તમે નમાજ પઢવાના નામે કલાકો સુધી રસ્તાઓ બ્લોક કરશો? નમાઝ પઢવા માટે ઈદગાહ અને મસ્જિદ છે, રસ્તો નહીં. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ માટે તે ઠીક છે.વકફ (સુધારા) બિલ અંગેના પ્રશ્નના જવાબમાં યોગી આદિત્યનાથે કહ્યું કે સુધારા એ સમયની જરૂરિયાત છે. તેમણે કહ્યું, 'દરેક સારા કામનો વિરોધ થાય છે.' તેવી જ રીતે, વકફ સુધારા બિલ પર પણ હોબાળો ચાલી રહ્યો છે. હું આ મુદ્દા પર હોબાળો મચાવનારાઓને પૂછવા માંગુ છુંપ શું વકફ બોર્ડે કોઈ કલ્યાણકારી કાર્ય કર્યું છે? બધું બાજુ પર રાખો, શું વકફે મુસ્લિમોનું પણ કોઈ ભલું કર્યું છે? વકફ વ્યક્તિગત રુચિનું કેન્દ્ર બની ગયું છે.

તે કોઈપણ સરકારી મિલકત પર બળજબરીથી કબજો કરવાનું એક માધ્યમ બની ગયું છે અને સુધારા એ સમયની જરૂરિયાત છે અને દરેક સુધારાનો વિરોધ કરવામાં આવે છે.

### તંત્રીની કલમે..................

## નેપાળમાં ઊલટી ગંગા, હવે ફરી રાજાશાહીની માંગ

આધુનિક વિશ્વમાં ભાગ્યે જ કોઈ હશે જેને સ્વતંત્રતાની ખુલ્લી હવામાં રહેવાની ખેવના ન હોય. આ સંદર્ભમાં સંખ્યાબંધ દેશોમાં રાજાશાહી કે સરમુખત્યારશાહીમાંથી મુક્તિ મેળવીને સ્વશાસન વ્યવસ્થા માટેની ચળવળો ચાલતી રહી છે, પણ હજી બે દાયકા અગાઉ રાજાશાહીમાંથી મુક્તિ મેળવનારા નેપાળની વસતીના મોટા હિસ્સાનો લોકશાહી શાસન વ્યવસ્થામાંથી મોહભંગ થઈ ગયો હોય એવા સંજોગો આકાર લઈ રહ્યા છે. હવે આ ટચુકડા હિમાલયન દેશમાં લોકશાહી અને રાજાશાહીના સમર્થકો વચ્ચેની ખેંચતાણ ગંભીર સ્વરૂપ લઈ રહી છે. વાત એટલી વધી ગઈ છે કે, નેપાળમાં ગૃહયુદ્ધનો અંદેશો જાગ્યો છે. આમ તો ઐતિહાસિક રીતે જોઈએ, તો નેપાળમાં રાજાશાહી શાસન વ્યવસ્થા હતી, પણ ૨૦૦૦ના દાયકામાં લોકોએ આંદોલન છેડીને લોકશાહીની સ્થાપનામાં સફળતા મેળવી હતી. લોકશાહીના સમર્થનમાં આંદોલનના વ્યાપક દોર બાદ ૨૦૦૮માં નેપાળમાં બંધારણ સભાની રચના થઈ હતી, ત્યારે રાજાશાહીના સમર્થકોએ વાસ્તવિકતા સ્વીકારીને મૌન સેવવાનું પસંદ કર્યું હતું, પણ બે દાયકાની લોકશાહી દરમ્યાન દેશની સામેની તકલીફો અને પડકાર વધી જતાં હવે લોકો રાજાશાહી સારી હતી એમ માનતા થયા છે. આ લાગણીને હવે રાજાશાહીના સમર્થક રાષ્ટ્રીય પ્રજાતંત્ર પક્ષ (આરપીપી)એ હવે વાચા આપવાનું શરૂ કર્યું છે. ગયા સપ્તાહે રાજાશાહીના ટેકેદારો અને વિરોધીઓ વચ્ચે આ મામલે રજધાની કાઠમંડુમાં હિંસક ઘર્ષણ પણ થયું હતું અને તેમાં અમુક લોકોના જીવ ગયા હોવાના પણ અહેવાલ સામે આવી રહ્યા છે. આ ઘર્ષણને લીધે દેશભરમાં સ્થિતિ ભારે તંગ બની રહી છે. નેપાળના રાજવી માજી રાજા જ્ઞાનેન્દ્ર વીર વિક્રમ શાહ હાલના સંજોગોમાં સક્રિય બની રહ્યાના અહેવાલ છે, તેમણે લોકોમાં પોતાની હાજરી વધારી નાખી છે. ગયા મહિને કાઠમંડુમાં તેમના સ્વાગત માટે હજારો લોકો એકઠા થઈ ગયા હતા. આના પરથી જણાઈ રહ્યંુ છે કે, લોકોનું તેમને સમર્થન વધી રહ્યંુ છે. બે દાયકાની લોકશાહી શાસન વ્યવસ્થા દરમ્યાન ૧૩ વડાપ્રધાન જોઈ ચૂકેલી નેપાળી જનતાને હવે આ રાજકીય અસ્થિરતા ખટકી રહી છે. સાથોસાથ રાજનેતાઓના ભ્રષ્ટાચારના વધી રહેલા પ્રકરણોએ લોકોના રોષમાં ઘી હોમવાનું કામ કર્યું છે. તમામ રાજકીય પક્ષો સામે ભ્રષ્ટાચારના ગંભીર આરોપો લાગી રહ્યા છે. આવા સંજોગોમાં દેશનું અર્થતંત્ર ખાડે ગયું છે. ખરેખર તો નેપાળના નવા પડકારો ત્યાંની સ્થાનિક સરકાર ઉપરાંત વિશ્વની અન્ય લોકશાહીઓ માટે બોધપાઠ સમાન છે. નાગરિકોના વિશ્વાસને જાળવીને લોકશાહી વ્યવસ્થાને વિકાસ અને સ્વતંત્રતાનું માધ્યમ બનાવવા તરફની ઉદાસીનતા લોકોના રોષનું કારણ બની શકે છે તે તમામ સરકારોએ સમજી લેવાની ખાસ જરૂરત છે. આગામી સમયમાં નેપાળે આ પડકારનો ઉકેલ આપવા લોકભોગ્ય શાસન વ્યવસ્થા ઊભી કરવા પર ગંભીરતા સાથે ધ્યાન આપવું અનિવાર્ય બની રહેશે. નેપાળમાં લોકશાહીની નિષ્ફળતા અન્ય નાના દેશોની માટે જોખમી સ્થિતિનું નિર્માણ કરી શકે છે.

# સુરતમાં મચ્છરનો ઉપદ્રવ રોકવા ટેકનોલોજીનો ઉપયોગ

પ્રતિનિધિ દ્વારા

સુરત

સુરત મહાનગર વિવિધ વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી મચ્છરોના ઉપદ્રવથી વ્યાપક ફરિયાદો ઉઠી છે. શહેરીજનો મચ્છરોના ત્રાસથી ત્રાહિમામ પોકારી ઉઠયા છે.

જોકે, શહેરમાં કેટલાક એવા બ્લાઈન્ડ સ્પોટ છે જેમાં પાલિકાના કર્મચારીઓ મેન્યુઅલી દવા છંટકાવ કે સર્વે ન કરી શકે તેવી જગ્યાએ ટેકનોલોજીનો ઉપયોગ કરી સમસ્યાનો હલ કરવા માટે પ્રયાસ કરાયો છે. આજે સુરત પાલિકાના રાંદેર ઝોનમાં ભેસાણ વિસ્તારમાં ડ્રોનનો ઉપયોગ કરી આવા સ્પોટ પર દવાનો છંટકાવ કરવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ટેકનોલોજીનો આગામી દિવસોમાં મહત્તમ ઉપયોગ કરવામાં આવશે.

શહેરમાં મચ્છરનો ઉપદ્રવ વધવા સાથે પાલિકાએ મચ્છરનો ઉપદ્રવ દૂર કરવા માટે ડ્રાય ડે જેવી ઝુંબેશ અને અન્ય નિયમિત કામગીરી થકી મચ્છરોના બ્રીડિંગ સ્પોટ શોધી તેનો નાશ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. જોકે, આ કામગીરી છતાં પણ હાલમાં શહેરના રાંદેર ઝોનમાં મચ્છરનો ભારે ઉપદ્રવ હોવાની ફરિયાદ વધી છે. આ વિસ્તારમાં અનેક એવા સ્પોટ છે જ્યાં પાલિકાના કર્મચારીઓ સર્વેની કામગીરી કે દવા છંટકાવ કરી શકતા નથી.

આ સમસ્યાનો હલ લાવવા પાલિકાએ આધુનિક ટેકનોલોજીનો સહારો લીધો છે અને ગુજરાતમાં પહેલીવાર ડ્રોનનો ઉપયોગ જંતુનાશક દવાનો છંટકાવ કરવા માટે શરૂ કરવામાં આવ્યો છે. સુરત મહાનગરપાલિકા દ્વારા પહેલી વખત મચ્છરજન્ય રોગચાળાને અંકુશમાં લેવા માટે ટેક્નોલોજીના ઉપયોગની પહેલ કરી છે. સામાન્ય દિવસોમાં લીકેજથી સ્થિર પાણીમાં મેલેરિયા, ફાઈલેરિયા અને ડેંગ્યુ જેવા મચ્છરોનો પ્રકોપ વધતો હોય છે અને ચોમાસા બાદ આ સ્થિતિ વધુ વિકરાળ બનતી હોય છે. ખાસ કરીને તેના નિયંત્રણ માટે સાત-દસ દિવસની અંદર મચ્છરના લારવા અવસ્થામાં નાબૂદ કરવા ખુબ જ જરૂરી છે

જ્યાં કર્મચારીઓ પહોંચી ન શકે તેવી જગ્યાએ પાલિકાએ દ્વારા પહેલી વખત એઆઈ-એમ.એલ આધારિત ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરીને મચ્છર નિયંત્રણ માટેની કામગીરી હાથ ધરી છે. જેના ભાગરૂપે આજે રાંદેર ઝોનમાં ભેંસાણ ખાતે આવેલ ખેતરમાં ડ્રોનની મદદથી જંતુનાશક દવાનો છંટકાવ શરૂ કર્યો છે.

## સંજુ સેમસન ફરીથી રાજસ્થાન રોયલ્સનો કેપ્ટન બને તેવી સંભાવના



એજન્સી દ્વારા

જયપુર

રાજસ્થાન રોયલ્સે પણ આખરે આઈપીએલ ૨૦૨૫ માં પોતાનું ખાતું ખોલ્યું છે. ટીમ બે મેચ હાર્યા બાદ ત્રીજી મેચ જીતવામાં સફળ રહી. હવે ટીમ પાસે થોડા દિવસનો વિરામ છે, ત્યારબાદ ટીમ ફરીથી મેદાનમાં ઉતરશે. દરમિયાન, મોટો પ્રશ્ન એ છે કે શું રાજસ્થાન રોયલ્સ ટીમ ચોથી મેચમાં સંજુ સેમસનની કેપ્ટનશીપમાં રમશે. પહેલા જ કહેવામાં આવ્યું હતું કે રિયાન પરાગ પહેલી ત્રણ મેચમાં ટીમનું નેતૃત્વ કરશે. હવે આ અંગે એક મોટી અપડેટ આવી છે.

રિયાન પરાગની કેપ્ટનશીપ હેઠળ, રાજસ્થાન રોયલ્સ ટીમ રવિવારે ચેન્નાઈ સુપર કિંગ્સને હરાવવામાં સફળ રહી. મેચ સમાપ્ત થયા પછી તરત જ, સંજુ સેમસન બેંગલુરુ ગયો. એવું જાણવા મળ્યું છે કે સંજુ સેમસન બીસીસીઆઇ સેન્ટર ઓફ એક્સેલન્સ ગયો છે, જ્યાંથી તેણે એનઓસી લેવું પડશે. આ પછી જ તે કેપ્ટન તરીકે પરત ફરી શકશે. ફેબ્રુઆરીમાં, જ્યારે ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ટી ૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણી રમાઈ રહી હતી, ત્યારે સંજુ સેમસનની આંગળીમાં ઈજા થઈ હતી. તેથી, ભલે તે આઈપીએલમાં રમી રહ્યો હોય, તે હંમેશા મેદાન પર રહેતો નથી અને વિકેટકીપિંગ પણ કરતો નથી. હવે તેની ઈજાનું મૂલ્યાંકન બેંગલુરુમાં કરવામાં આવશે, ત્યારબાદ જ્યારે તેને ત્યાંથી ક્લીઅરન્સ મળશે, ત્યારે તે આખી મેચ રમશે અને સ્વાભાવિક રીતે જ ટીમનું નેતૃત્વ પણ કરશે. તે કીપિંગની જવાબદારી સંભાળશે કે નહીં તે રિપોર્ટ પછી જ નક્કી થશે. આ દરમિયાન, ક્રિકબઝમાં સૂત્રોના હવાલેથી એક સમાચાર બહાર આવ્યા છે, જેમાં કહેવામાં આવ્યું છે કે સંજુ સેમસન હવે સંપૂર્ણપણે ફિટ છે અને તે ટૂંક સમયમાં વિકેટ-કીપિંગ અને કેપ્ટનશીપની જવાબદારી સંભાળવા માટે તૈયાર છે.

રાજસ્થાન રોયલ્સ ટીમ હાલમાં પોઈન્ટ ટેબલમાં નવમા ક્રમે છે. ત્રણ મેચમાંથી એક જીત સાથે, ટીમે પોઈન્ટ ટેબલમાં પોતાનું ખાતું ખોલ્યું છે, પરંતુ એક જીત પછી પણ ટીમનો નેટ રન રેટ ખૂબ સારો નથી, આવી સ્થિતિમાં રાજસ્થાન માટે સમગ્ર મેચ દરમિયાન સંજુ સેમસનનું મેદાન પર હોવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. રાજસ્થાનનો આગામી મુકાબલો હવે ૫ એપ્રિલે પંજાબ કિંગ્સ સામે થશે. એનો અર્થ એ કે ટીમ પાસે આ માટે પૂરતો સમય છે. હવે જોવાનું એ છે કે સંજુ સેમસન અંગે શું રિપોર્ટ આવે છે.

### અમદાવાદ મનપાનો એક નવતર પ્રયોગ

# ઢોરવાડામાં પશુઓની સારવારમાટે ટેકનોલોજીનો ઉપયોગ થશે

અમદાવાદ

અમદાવાદ મનપા એક નવતર પ્રયોગ કરવા જઈ રહ્યું છે. ઢોરવાડામાં પશુઓની સારવાર વધારે સારી રીતે કરી શકાય માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. મ્યુનિસિપલ કોર્પોરેશન પણ હવે આધુનિક જમાના સાથે તાલ મિલાવતા ટેક્નોલોજી તરફ વળ્યું છે.

મનપા સંચાલિત ઢોર વાડા માં રાખવામાં આવેલા પશુઓને નેક બેન્ડ લગાવી તેમની તમામ હરકતો પર મોનીટરીંગ કરવામાં આવશે. હાલમાં ૨૫ ગાયોને આ બેન્ડ લગાવવામાં આવ્યા છે. આગામી સમયમાં તમામ પશુઓ માટે આ પ્રકારના નેક બેન્ડ વસાવવાનું આયોજન છે.અમદાવાદના મોટા ભાગના તમામ વિસ્તારમાં હવે રખડતા ઢોર નથી જોવા મળી રહ્યા આ તમામ પશુઓને મનપા સંચાલિત કરુણા મંદિર ખાતે રાખવામાં આવે છે. એ પશુઓની તમામ હરકતોનું મોનીટરીંગ કરવા માટે AI ટેક્નોલોજી થી સજ્જ નેકબેન્ડ વસાવવામાં આવ્યા છે.. જેના માધ્યમથી તમામ ઢોરની તમામ મૂવમેન્ટ નો ડેટા મોબાઈલમાં રેકોર્ડ થશે. જેના આધારે તેની સારવાર અને ખાન પાન માટે વ્યવસ્થા કરવામાં આવશે.થોડા સમય અગાઉ મનપા CNCD વિભાગની ટીમ બનાસકાંઠા અને અમૂલ ડેરી ની મુલાકાત લીધી હતી જ્યાં આ નેકબેન્ડ અંગે માહિતી મળી હતી. જે બાદ અહીં રહેલા પશુઓ માટે આ બેન્ડ વસાવવામાં આવ્યા છે..આ બેન્ડથી પશુ કેટલાક ઊભા રહે છે, કેટલા કલાક બેસે છે, ખાઇ છે કેટલું , વાગોળે છે કેટલું , તેમના શરીર નું તાપમાન , એની બીમારી આ તમામ બાબત નું અપડેટ સતત મળતું રહેશે જેથી અધિકારીઓ આ અપડેટ આધારે પશુઓ અંગે માહિતી મળતી રહેશે અને તેની સારવાર અને કાળજી પણ લઈ શકે એક બેન્ડની કિંમત ૭૫૦૦ છે હાલમાં ૨૫ યુનિટ મંગાવવામાં આવ્યા છે.

# ડીસામાં ફટાકડાની ફેક્ટરીમાં બ્લાસ્ટ થયો : ૨૧ શ્રમિકોના મોત નિપજ્યા

પ્રતિનિધિ દ્વારા

ડીસા

બનાસકાંઠાના ડીસામાં ૫૨ ફટાકડાની ફેક્ટરીમાં ભીષણ બ્લાસ્ટ અને આગના કારણે અનેક શ્રમિકોએ જીવ ગુમાવ્યા છે. ૧૮ શ્રમિકો બાદ વધુ ૩ શ્રમિકોના મૃતદેહ મળી આવતા મૃત્યુઆંક ૨૧ પર પહોંચ્યો છે. ફટાકડાની ફેક્ટરીમાં પ્રચંડ બ્લાસ્ટ થયા બાદ આગ ફેલાઈ હતી. બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે ગોડાઉન ધરાશાયી થઈ ગયું અને કામ કરી રહેલા શ્રમિકોના શરીરના ટુકડા થઈ ગયા હતા. મૃત્યુઆંક હજુ પણ વધવાની આશંકા છે.

ડીસા દુર્ઘટનામાં **SIT**ની રચના કરવામાં આવી છે. જેમાં ડીવાયએસપીની આગેવાનીમાં બે પોલીસ ઇન્સ્પેક્ટર અને બે પોલીસ સબ ઇન્સ્પેક્ટરને સામેલ કરાયા છે. ડીવાયએસપી સી.એલ. સોલંકી, પીઆઈ વી.જી.પ્રજાપતિ, પીઆઈ એ.જી. રબારી, પીએસઆઈ એસ.બી. રાજગોર અને પીએસઆઈ એન.વી. રહેવારને **SIT**માં સામેલ કરાયા છે.

બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અને મંત્રી બળવંત સિંહ રાજપૂત સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. સિવિલ હોસ્પિટલ ખાતે મંત્રીઓ અને અધિકારીઓને બેઠક યોજાઈ હતી. બીજી તરફ ફેક્ટરીમાં કામ કરતા એક યુવાનની પૂછપરછ કરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ, ડીસામાં ઢુંવા રોડ પર આવેલી ફટાકડાની ફેક્ટરીમાં વહેલી સવારે ભીષણ આગ લાગી હતી. ટૂંક જ સમયમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ઘટનાની જાણ થતાં તુરંત ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી આવી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. વિસ્ફોટ એટલો ભયાનક હતો કે શ્રમિકોના અંગના ટુકડા દૂર દૂર સુધી ફેંકાયા હતા. ૨૦૦ મીટર સુધી ફેક્ટરીનો કાટમાળ ફેલાયો હતો, જે હટાવવા માટે **JCB**ની મદદ લેવાઈ હતી. વિસ્ફોટના કારણે ગોડાઉનની છત પણ ધરાશાયી થઈ ગઈ હતી. પાંચ જેટલા શ્રમિકોને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

તમામ મૃતકો મધ્ય પ્રદેશના રહેવાસી હોવાનું અનુમાન છે. મળતી માહિતી પ્રમાણે આ શ્રમિકો હાલમાં જ પૈસા કમાવવા માટે અહીં જોડાયા હતા અને મજૂરી કરતાં. મૃતકોની ઓળખ માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. બનાસકાંઠાના કલેક્ટર મિહિર પટેલે જણાવ્યું છે, કે 'આજે સવારે અમને ડીસાના ઔદ્યોગિક ક્ષેત્રમાં ભયાનક વિસ્ફોટની જાણકારી મળી. ફાયર વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો. ઈજાગ્રસ્ત શ્રમિકોને હોસ્પિટલ લઈ જવાયા છે. વિસ્ફોટના કારણે ફેક્ટરીનો સ્લેબ ધરાશાયી થયો હતો.'

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડીસાની ઘટનાને લઈને દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે '**X**' પર લખ્યું છે કે, ડીસામાં ફટાકડાના ગોડાઉનમાં વિસ્ફોટ થવાથી આગ લાગવાના લીધે અને સ્લેબ ધરાશાયી થવાના લીધે શ્રમિકોના મૃત્યુની ઘટના હૃદયદ્રાવક છે. દુઃખની આ ઘડીમાં મારી આત્મીય સંવેદના મૃતકોના સ્વજનોની સાથે છે. આ દુર્ઘટનામાં રાહત-બચાવ અને સારવારની કામગીરીને લઈને હું વહીવટીતંત્ર સાથે સતત સંપર્કમાં છું.'

સાંસદ ગેનીબેન ઠાકોરે મીડિયા સાથે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, 'નિર્દોષ લોકોને શાંતિ મળે એવી પ્રાર્થના કરુ છું. રાજકોટ પછીની આ બીજી ગોઝારી ઘટના બની છે. વહીવટી તંત્રની મોટી ચૂક છે. મંજૂરી આપતી વખતે શું ધ્યાન રાખ્યું એ પણ તપાસનો વિષય છે. નિર્દોષ લોકોના મોત થયા છે એમના પરિવારજનોને ન્યાય મળે એ માટે કાર્યવાહી કરવા ઉચ્ચ કમિટી બનાવવા માટે પણ હું રજૂઆત કરીશ. રાજ્ય સરકારે જો રાજકોટ બાદ યોગ્ય કાર્યવાહી કરી હોત તો કદાચ આ દુર્ઘટના ન બની હોત. હું અપેક્ષા રાખું કે જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે.' કોંગ્રેસના રાજ્યસભાના સાંસદ અને કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે આ અંગે પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું હતું કે, 'અતિશય દુઃખદ સમાચાર મળ્યા કે, બનાસકાંઠાના ડીસામાં ફટાકડાના ગોડાઉનમાં ભીષણ આગ લાગવાના કારણે ૧૭ વ્યક્તિઓના દુઃખદ મૃત્યુ થયા. ગુજરાતમાં વારંવાર આવી ઘટનાઓ બને છે. સુરતનું તક્ષશિલા હોય કે રાજકોટનો અગ્નિકાંડ હોય, કેટલાય લોકોએ જીવ ગુમાવ્યા. તેમ છતાં સરકારને કોઈ ચિંતા જ નથી, એ વાતનું દુઃખ.'

જાણકારી અનુસાર ગોડાઉન માત્ર ફટાકડાનો સ્ટોક કરવાની જ મંજૂરી હતી છતાં ત્યાં ફટાકડા બનાવવાની ફેક્ટરી શરૂ કરી દેવાઈ હતી. એવામાં હવે કોની બેદરકારીના કારણે શ્રમિકોએ જીવ ગુમાવ્યો તેની તપાસ જરૂરી છે.

# ગુજરાતમાં કિડનીના દરદીઓ વધી રહ્યા છે : રિપોર્ટ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ

ગુજરાતમાં ડાયાલિસિસના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થયો છે. છેલ્લા ૪ વર્ષમાં આ દર્દીઓની સંખ્યા બમણી થઈ ગઈ છે. તેવું ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામના આંકડા દર્શાવે છે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટરના ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ દ્વારા આના દર્દીઓના આંકડા જાહેર કરવામાં આવ્યાં છે. તો પ્રશ્ન થાય કે, આવું શા માટે થઈ રહ્યું છે? આંકડાની વાત કરવામાં આવે તો, ૨૦૨૧-૨૨ માં ૨.૭૩ લાખ ડાયાલિસિસના દર્દીઓ હતાં. આ આંકડો ૨૦૨૨-૨૩માં વધ્યો અને દર્દીઓની સંખ્યા ૩.૪૯ લાખ થઈ હતી. ચોંકાવનારી વાત એ છે કે, આંકડો સતત વધતો જ જાય છે. કારણ કે, ડાયાલિસિસના દર્દીઓની સંખ્યા ૨૦૨૩-૨૪ માં ૪.૭૨ લાખ અને ૨૦૨૪-૨૫ માં ૫.૦૨ લાખ થઈ ગઈ, જે રીતે દર્દીઓની સંખ્યા વધી રહીં છે તેને જોતા કિડનીના સ્વાસ્થ્ય અંગે જાગૃતિ લાવવી ખુબ જ જરૂરી છે. જેથી દર વર્ષે માર્ચ મહિનાના બીજા ગુરૂવારને વિશ્વ કિડની દિવસ તરીકે ઉજવવામાં આવે છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં અનેક લોકોએ અંગદાન કર્યું છે જેથી વિશ્વ કિડની દિવસને લઈને હોસ્પિટલે આંકડા આપ્યાં છે કે, છેલ્લા ૫૦ મહિનાઓમાં બ્રેઈન ડેડ થયેલા લોકોએ અંગદાન કરી ૩૨૮ કિડનીઓ દાનમાં આવી હતી. પરંતુ પ્રશ્ન એ છે કે, ૧૦૦ દર્દીઓ સામે ૭ થી ૧૦ દર્દીઓને કિડનીની જરૂર હોય તેની સામે માત્ર એક કિડની મળે છે. બાકીના દર્દીઓને રાહ જોવી પડતી હોય છે. **IKDRC** હોસ્પિટલના નેફ્રોલોજી વિભાગના પ્રોફેસર ડૉ. વિવેક ખુટે જણાવ્યું કે, કિડની ટ્રાન્સપ્લાન્ટની જરૂર હોય તેવા ૧૦૦ દર્દીઓમાંથી માત્ર સાતથી ૧૦ દર્દીઓને જ એક કિડની મળે છે. બાકીના દાતાઓની અછતને કારણે રાહ જોતા રહે છે.

હોસ્પિટલમાં આવતા અંગદાનની વાત કરવામાં આવે તો, છેલ્લા ૫૦ મહિનામાં, હોસ્પિટલે ૧૮૧ બ્રેઈન ડેડ દર્દીઓ પાસેથી ૩૨૮ કિડની સાથે સાથે ૧૫૭ લીવર, ૧૨૦ જોડી આંખો, ૫૬ હૃદય, ૩૦ ફેફસાં, ૧૦ સ્વાદુપિંડ, ૦૯ ત્વચા કલમ, ૦૬ હાથ અને આંતરડા સહિત કુલ ૫૮૭ અંગોનું દાન લેવામાં આવ્યું છે પરંતુ કિડનીની અછતને પૂર્ણ કરી શકાઈ નથી. તબીબોનું કહેવું છે કે, પરિવારોને અંગોનું દાન કરવા માટે મનાવવાનું એક મુશ્કેલ કાર્ય છે. કારણ કે, અંગદાનમાં પરિવારને ઘણી બધી શંકાઓ થતી હોય છે.

જ્યારે પણ કોઈ બ્રેઈન ડેડ વ્યક્તિના પરિવારજનોને અંગદાન માટે વાત કરવામાં આવે ત્યારે શા માટે અંગો જોઈએ છે? આ અંગો કોને મળશે? શું તમે કોઈ મોટા વ્યક્તિને અંગો આપી રહ્યાં છો? તમને આમાં કેટલા રૂપિયા મળે છે? આવા સવાલો થયા હોય છે. જેથી અંગદાન માટે દર્દીના પરિવારને સમજાવવો ખુબ જ અઘરો હોય છે. ડૉક્ટરોનું કહેવું છે કે, કલાકો સુધી તેમને સમજાવવા પડે છે. આવું થવા પાછળનું કારણ એ પણ છે કે, અંગદાન વિશે ઘણી અફવાઓ ફેલાયેલી છે. જેથી બ્રેઈન ડેડ થયેલા પરિવારજનોમાં ડર હોય છે. ડૉક્ટરોનું એવું પણ કહેવું છે કે, ઘણીવાત તો પરિવાર એ માનવા જ તૈયાર નથી થતો તેમનો બ્રેઈન ડેડ થયો છે.અંગદાનની વાત કરવામાં આવે તો, તબીબોનું કહેવું છે કે, જ્યારે પણ કિડની, હૃદય, લીવર અને ફેફસા જેવાનું અંગદાન થાય તો તેનું સત્વરે એક ચોક્કસ સમય મર્યાદામાં ટ્રાન્સપ્લાન્ટ થવું અનિવાર્ય છે. બાકી તે અંગો નિષ્ક્રિય અને બિનઉપયોગીબની જતાં હોય છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલ એક તબીબે કહ્યું કે, અમે શંકાઓને દૂર કરવા અને અંગ દાન અંગેના ફેલાયેલી અફવાઓ સામે જાગૃતિ લાવવાનું કામ કરીએ છીએ.

# વડોદરાનાં પ્રતાપનગર સ્થિત ચાઈલ્ડ ડેવલપમેન્ટ સેન્ટરમાં મહિલાએ બાળક સાથે કર્યું ક્રુર વર્તન

વડોદરા

વડોદરાના પ્રતાપનગર વિસ્તારમાં આવેલા ચાઇલ્ડ ડેવલોપમેન્ટ સેન્ટરમાં ચાર વર્ષના બાળક સાથે ક્રૂરતાપૂર્વક વર્તન આચરનાર સેન્ટરના મહિલા કર્મચારી સામે પોલીસ ફરિયાદ થઈ છે. સીસીટીવીમાં કેદ થયેલા દ્રશ્યો મુજબ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સેન્ટરમાં જતા ચાર વર્ષના બાળકના પગ પર મેડમ બેસી ગયા હતા અને ડરાવ્યો હતો. આ ચકચારી કિસ્સામાં બાળકની માતાએ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.વડોદરાના એક વેપારીનો ૪ વર્ષનો દીકરો ઓછું બોલતો હતો. તેની ઉંમરના બાળકો સાથે તે યોગ્ય રીતે વાતચીત અને દોસ્તી પણ કરતો નહતો. જેથી, તેને ૨૫ ફેબ્રુઆરીએ પ્રતાપનગર પોલીસ હેડ ક્વાટર્સની સામે આવેલા ન્યૂ હોરિઝોન્સ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સેન્ટરમાં મૂકાયો હતો. જે સેન્ટરના હેડ મીરાબેન છે. ગત ૧૫એ તેના માતા-પિતા પુત્રને સેન્ટર પર મૂકવા ગયા ત્યારે તે ખૂબ જ રડતો હતો. પરંતુ, રૂમમાં અંદર ગયા પછી થોડીવારમાં તે ચૂપ થઈ ગયો હતો. ક્લાસ પૂરો થયા પછી પુત્રને લઈને માતા-પિતા કારમાં પરત જતા હતા. તે સમયે દીકરાએ માતાને કહ્યું કે, 'મેડમ બહોત ગુસ્સે મેં થી ઔર મુજે મારા.' જેથી, માતાએ મીરા મેડમને પૂછ્યું તો તેમણે આવું કંઈ થયું હોવાની ના પાડી હતી. માતાએ સીસીટીવી કેમેરા જોવાનું કહેતા મેડમે એવો જવાબ આપીને વાત ટાળી દીધી કે, તેનું એક્સેસ મુંબઈ હેડ ઓફિસમાં છે એટલે બેથી ત્રણ દિવસ લાગશે.ત્રણ દિવસ પછી માતા-પિતાએ સીસીટીવી જોતા તેઓ ચોંકી ગયા હતા.મીરા મેડમે તેમના દીકરાને પટકારીને ખૂણામાં બેસાડી દીધો હતો. ત્યારબાદ તેઓ બાળકના પગ પર બેસી ગયા હતા અને તેના મોંઢા પાસે જઈ ડરાવી ધમકાવ્યો હતો. તેમજ તેમનો બાળક જ્યારે રૂમમાં ગયો ત્યારે પૂજા મેડમ ઝૂલા ઝૂલતા હતા. પરંતુ, તેમણે કોઈ ધ્યાન નહતું આપ્યું. ઉપરોક્ત આક્ષેપ કરતી ફરિયાદના આધારે મકરપુરા પોલીસે આ અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.ફરિયાદમાં માતાએ એવો પણ આક્ષેપ કર્યો છે કે, પુત્રે અચાનક રૂમમાં ગયા પછી રડવાનું બંધ કરી દીધું હતું. ક્લાસ પૂરો થવાના દસ મિનિટ પહેલા મીરા મેડમે માતા-પિતાને ફિડબેક માટે તેમને રૂમમાં બોલાવ્યા હતા. માતા-પિતાએ મેડમને પૂછ્યું કે, તમે એવો તો શું મેજીક કર્યો કે, બાળક ચૂપ થઈ ગયો. ત્યારે મેડમે એવો જવાબ આપ્યો કે, 'મૈને ઉસકો એસા બોલા કિ મમ્મી પાપા કે પાસ જાના હૈ તો ચૂપચાપ એક્ટિવિટી કરો. એટલે તે ચૂપ થઈ ગયો.'

# વધુ પડતાં કરભારણથી જનતાની કમર ન તૂટે અને અર્થતંત્રનો ઉત્તરોત્તર વિકાસ થાય, તેવી રાજ્ય સરકારની નેમ : મંત્રી બલવંતસિંહ રાજપૂત

પ્રતિનિધિ દ્વારા

ગાંધીનગર

રાજયના નાગરિકોની મિલકતોના હક્કોનું રક્ષણ, સ્ટેમ્પ ડ્યૂટીની ચોરી અટકાવવા તથા સરકાર દ્વારા વસૂલવા પાત્ર થતી સ્ટેમ્પ ડયૂટીની યોગ્ય વસૂલાત માટેના ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮માં સમયોચિત સુધારાઓ કરવા માટેનો ગુજરાત સ્ટેમ્પ(સુધારા) વિધેયક-૨૦૨૫ વિધાનસભા ગૃહમાં મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે રજૂ કર્યો હતો.

આ અંગે 'પરિવર્તન હી સંસાર કા નિયમ હે' ઉપદેશનો ઉલ્લેખ કરીને મંત્રીશ્રીએ કહ્યું કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકાર સમય પ્રમાણે કાયદા અને નિયમોમાં પરિવર્તન કરી, લોકાભિમુખ વહીવટ આપવા માટે પ્રતિબદ્ધ છે, જે અંતર્ગત મંત્રીશ્રીએ જણાવ્યું કે હાલ રાજયમાં ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ની જોગવાઈઓ અમલમાં છે. દરમિયાન, બદલાયેલા સંજોગો તથા પરિસ્થિતિને અનુરૂપ કાયદાનું સરળીકરણ કરવા અને વહીવટમાં પારદર્શકતા વધારવા માટે નવીનીકરણ કરવું જરૂરી છે.

મંત્રીશ્રીએ આ સુધારા વિધેયકની જરૂરિયાત દર્શાવતાં કહ્યું કે પ્રામાણિક કરદાતાને પ્રોત્સાહન મળી રહે, કરચોરોને ભય બની રહે તથા અધિકારીઓ યોગ્ય, સ્પષ્ટ અને ઝડપી નિર્ણય લઈ શકે, તે તંદુરસ્ત વહીવટીતંત્ર માટે જરૂરી છે. આ વિચારને આગળ વધારવાનો આ બિલનો હેતુ છે.

રાજયમાં સામાન્ય અને મધ્યમ વર્ગના લોકો પરથી સ્ટેમ્પ ડયૂટીનું ભારણ ઘટાડવા, અર્થઘટનના પ્રશ્નોનું નિરાકરણ કરવા, લિટિગેશન અને વહીવટી ગૂંચવણો ઘટાડવા, જોગવાઈઓના સરળીકરણ માટે, સામાન્ય નાગરિકોનાં હિતોનું રક્ષણ કરવા સહિતની બાબતોને ધ્યાને લઈને આ બિલમાં ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની ૨૦ કલમો અને અનુસૂચિ એકના આઠ આર્ટિકલના મહત્ત્વના સુધારાઓ કરવામાં આવ્યા છે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ મહાન અર્થશાસ્ત્રી ચાણક્યના વિધાનનો ઉલ્લેખ કરતાં કહ્યું કે 'જેમ મધમાખી ફૂલમાંથી રસ લે છે, તેમ સત્તાધીશોએ જનતા પાસેથી કર ઉઘરાવવો જોઈએ.'

આ પ્રકારે, વધુ પડતાં કરના ભારણથી જનતાની કમર ન તૂટે તથા અર્થતંત્રના ઉત્તરોત્તર વિકાસ દ્વારા રાજયનું વ્યવસ્થિત રીતે સંચાલન કરવાની મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારની નેમ છે તેમ તેમણે જણાવ્યું હતું. વધુમાં, મંત્રીશ્રીએ કહ્યું કે રાજયના તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કૌટુંબિક ફારગતીના લેખોમાં સ્ટેમ્પ ડયૂટી ભરવામાંથી મુક્તિ આપવાના ક્રાંતિકારી નિર્ણયને આગળ ધપાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર આ બિલ દ્વારા વધુ એક અધ્યાય જોડવા જઈ રહી છે.

આ સુધારા વિધેયકના મહત્ત્વના મુદ્દાઓ વિશે વાત કરતાં શ્રી રાજપૂતે કહ્યું કે આર્ટિકલ ૪૯ (ક)માં થનારા સુધારા બાદ હવે વારસાગત/વડિલોપાર્જિત મિલકતમાં અવસાન પામેલ પુત્રીના વારસદારો દ્વારા કરવામાં આવતા હક્ક કમીના લેખ ઉપર હાલમાં લેવાતી ૪.૯૦ ટકા ડયૂટીના બદલે ફક્ત ૨૦૦ રૂપિયાના સ્ટેમ્પ ઉપર હક્ક કમી થઈ શકશે. જેનાથી પારિવારિક મિલકતોમાં હક્ક કમીના લેખો પર સ્ટેમ્પ ડયૂટી ભરવામાંથી મુક્તિ મળશે અને સમગ્ર પ્રક્રિયા ઝડપી અને સરળ બનશે તેમ તેમણે જણાવ્યું હતું.

આ જ પ્રકારે, આર્ટિકલ ૬(૧)માં સુધારો થતાં લોનના સંબંધે ગીરો લેખ માટેની ડ્યુટીમાં ૮૦ ટકા ઘટાડો કરવામાં આવ્યો છે. પરિણામે, હવે રૂ. ૧ કરોડ સુધીની લોન મેળવવા માટે ૦.૨૫ ટકા લેખે ભરવાના થતાં રૂ. ૨૫૦૦૦ની ડ્યુટી ઘટીને વધુમાં વધુ રૂ. ૫૦૦૦ કરવાની જોગવાઈ આ બિલ દ્વારા કરવામાં આવી છે. આ જોગવાઈથી ઘરના ઘરનું સ્વપ્ન જોતાં મધ્યમ વર્ગને હાઉસિંગ લોનમાં અને નાના ઉદ્યોગકારોને પોતાના ઉદ્યોગો સ્થાપવા માટે લોન મેળવવામાં ફાયદો થશે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ગીરોમુક્તિ લેખ તથા ભાડાપટ્ટા લેખ કરવા માટે સબ રજિસ્ટ્રાર કચેરી સુધી જવાના બદલે ઘરેબેઠાં ઈ-રજિસ્ટ્રેશનની સુવિધા શરૂ કરવા અંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે અગાઉ નાગરિકોને ગીરો ખત, ભાડા કરાર ખત માટે સબ-રજિસ્ટ્રાર કચેરીએ જવું પડતું હતું, પરંતુ તેમનાં સમય અને શક્તિનો બચાવ થાય, તે માટે ઈ-રજિસ્ટ્રેશન સુવિધા ટૂંક સમયમાં ઉપલબ્ધ કરવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું. કાયદામાં કોણે સ્ટેમ્પ ડયૂટી ભરવી તે અંગે સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં, કેટલીક ખાનગી નાણાકીય સંસ્થાઓ કે બેંકો દ્વારા કોણ સ્ટેમ્પ ડ્યુટી ભરશે એવા ઉલ્લેખ વિનાના દસ્તાવેજો કરવામાં આવતાં હતા. આવા દસ્તાવેજો ઉપર યોગ્ય સ્ટેમ્પ ડયૂટી ભરપાઈ કર્યા સિવાય ધિરાણ કરવું તથા આવા દસ્તાવેજો તપાસણી માટે રજૂ ન કરવાની ઘટનાઓ બનતી હતી. જેની સામે નવી કલમ ૩૦(ક) ઉમેરીને મોર્ગેજના લેખ ઉપર ડ્યૂટી ભરપાઈ કરવાની બેંકોની જવાબદારી નક્કી કરવાની જોગવાઈ આ બિલમાં કરવામાં આવી છે. જેનાથી સામાન્ય માણસને લાભ થશે અને બેંકો દ્વારા લોન આપતી વખતે જ યોગ્ય સ્ટેમ્પ ડયૂટી ભરપાઈ કરવામાં આવશે.

વધુમાં, કલમ-૧૭ હેઠળ ટ્રિબ્યુનલ કે સક્ષમ સત્તાના હુકમ થયા પછી ૩૦ દિવસમાં સ્ટેમ્પ ડયૂટી ભરવાની જોગવાઈને વધારીને ૬૦ દિવસ કરવામાં આવી છે. આ જ રીતે, કલમ-૩૨માં પણ લેખ નોંધણી બાદ ૩૦ દિવસમાં સ્ટેમ્પ ડ્યુટી ભરવાની મર્યાદા વધારીને ૬૦ દિવસની જોગવાઈ કરવામાં આવતાં નાગરિકોને સ્ટેમ્પ ડ્યુટી ભરવા માટે વધુ સમય મળશે તેમ શ્રી રાજપૂતે જણાવ્યું હતું.

આ અધિનિયમમાં ક્રાંતિકારી સુધારો ગણાવતાં મંત્રીશ્રીએ કહ્યું કે કલમ-૩૯ (૧)(ખ) મુજબ હાલમાં ઓછી સ્ટેમ્પ ડયૂટી ભરાયેલી હોય અથવા તો સ્ટેમ્પ ડયૂટીની ચોરીના કિસ્સામાં ઓછામાં ઓછા પાંચ રૂપિયા અને વધુમાં વધુ ખૂટતી ડયૂટીના દસ ગણા સુધીનો દંડ વસૂલવાની જોગવાઈ છે. જેના કારણે હુકમોમાં એકસૂત્રતા ન જળવાતી હોવાના અને આ જોગવાઈનો દૂરુપયોગ થવાની શક્યતા રહેતી હતી જેના સ્થાને હવે આ પ્રકારના કિસ્સામાં જો અરજદાર સામેથી સ્ટેમ્પ ડયૂટી ભરવા તૈયાર થાય, તો ખૂટતી સ્ટેમ્પ ડયૂટીના બે ટકા લેખે વધુમાં વધુ ચાર ગણા સુધી અને જો તંત્ર દ્વારા નોટિસ મળ્યા બાદ ડયૂટી ભરવા આવે, તો ખૂટતી ડયૂટીના ત્રણ ટકા લેખે વધુમાં વધુ ૬ ગણા સુધી વસૂલવાની જોગવાઈ કરવામાં આવી છે. આ બાબતને ઉદાહરણ સાથે સમજાવતાં મંત્રીશ્રીએ કહ્યું કે હાલની સ્થિતિમાં રૂ.૧ કરોડની કિંમત ધરાવતી મિલ્કતની નોંધણી પર ૪ લાખ ૯૦ હજાર સ્ટેમ્પ ડ્યુટી વસૂલવાની થાય છે. પરંતુ, પક્ષકાર ૨ લાખ ૯૦ હજાર જ સ્ટેમ્પ ડ્યૂટી ભરે છે અને તો જો અરજદાર સામેથી રૂ.૨ લાખ ખૂટતી સ્ટેમ્પ ડ્યુટી ભરવા આવે તો ખૂટતી સ્ટેમ્પ ડ્યુટીના પ્રતિ માસ ૨ ટકા લેખે પણ વધુમાં વધુ ખૂટતી સ્ટેમ્પ ડ્યુટીના ૪ ગણા સુધી એટલે કે રૂ.૮ લાખ સુધીનો દંડ થઈ શકશે.

આ જ પ્રકારે, જો અધિકારી દ્વારા નોટીસ મળ્યા બાદ અરજદાર ભરે તો રૂ.૨ લાખ ખૂટતી સ્ટેમ્પ ડ્યુટીના પ્રતિ માસ ૩ ટકા લેખે વધુમાં વધુ ખૂટતી સ્ટેમ્પ ડ્યુટીના ૬ ગણા એટલે કે રૂ.૧૨ લાખ દંડ થઈ શકશે. આમ ખૂટતી સ્ટેમ્પ ડ્યુટી પર દંડની મર્યાદા નક્કી કરવાથી નિર્ણયોમાં એકસૂત્રતા આવશે અને પ્રજાને હાલાકી ઓછી પડશે તેમ તેમણે જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ કહ્યું કે મૂળ અધિનિયમ અમલમાં આવ્યા પછી સાતેક દાયકાના સમયગાળામાં સમાજમાં, રાજયમાં, દેશ અને દુનિયામાં ઘણાં પરિવર્તન આવ્યાં છે. જેના લીધે નવા કાયદાઓ બનાવવાની પણ જરૂરિયાત ઊભી થઈ છે અને આપણે એ પ્રમાણે નવા કાયદા અમલી પણ બનાવ્યા છે. આમ બદલાતી પરિસ્થિતિ અને નવા કાયદાઓનો લાભ લઈ ઘણી કંપનીઓ માલિકી હકકની તબદિલી આ કાયદાના દાયરામાં ન આવે તે રીતે કરે છે અને સ્ટેમ્પ ડયૂટી ભરવામાંથી છટકી જાય છે. ઉદાહરણ તરીકે શેર ટ્રાન્સફર કરી કંપનીની માલિકીમાં તબદીલી થાય છે. બોર્ડ ઓફ ડિરેક્ટર બદલી કંપનીના નિયંત્રણમાં તબદીલી થાય છે અથવા તો ટ્રિબ્યુનલ કે સક્ષમ સત્તાના હુકમથી પણ કંપનીની માલિકીમાં તબદીલી થાય છે.

આથી માલિકી ફેરખતની વ્યાખ્યાનો વ્યાપ વધારી તેમાં કંપનીઓના એકત્રીકરણ, શેર ટ્રાન્સફરથી થતી તબદિલી તથા વિવિધ ટ્રિબ્યુનલ કે સક્ષમ સત્તાના હુકમોથી થતી તબદિલીને પણ કલમ-૨ (જ) અને ૨ (જ) (છ)થી માલિકી ફેરખતની વ્યાખ્યામાં સમાવેશ કર્યો છે. જેથી આવા કિસ્સાઓમાં વસૂલવા પાત્ર સ્ટેમ્પ ડયૂટીને પણ કાયદાથી પીઠબળ મળશે અને રાજયની આવકમાં પણ વધારો થશે તેમ તેમણે ઉમેર્યું હતું. વધુમાં, મંત્રીશ્રી રાજપૂતે જણાવ્યું કે કલમ-૨ (ઢ)માં લેખની વ્યાખ્યા મુજબ જોગવાઈઓ મુજબ સક્ષમ સત્તા માત્ર મૂળ લેખ ઉપર જ સ્ટેમ્પ ડ્યૂટી વસૂલવાનો હુકમ કરી શકે છે. સ્ટેમ્પ ડ્યૂટીથી બચવા પક્ષકારો મૂળ લેખ રજૂ કરતા નથી પણ તેની નકલ રજૂ કરે છે અને સ્ટેમ્પ ડ્યૂટી ભરવામાંથી છટકી જાય છે. હવે સ્ટેમ્પ ડ્યૂટી વસૂલવાના હેતુ માટે મૂળ લેખની ગેરહાજરીમાં તેની નકલ પણ લેખની વ્યાખ્યામાં સમાવી લીધી છે. જેથી સક્ષમ સત્તા નકલના આધારે સ્ટેમ્પ ડ્યૂટી વસૂલવાનો હુકમ કરી શકશે. આના પરિણામે કોર્ટ મેટર અને લિટિગેશન ઘટશે અને સ્ટેમ્પ ડ્યૂટીની વસૂલાત સરળ અને સચોટ રીતે થઈ શકશે. તેમણે કહ્યું કે હાલમાં કલમ-૩ (ક)માં આર્ટિકલ ૬ (૧) પ્રમાણે હક્કપત્ર અનામત મૂકવાનો સમાવેશ થતો નથી. જેથી ૪૦ ટકા વધારાનો સરચાર્જ વસૂલી શકાતો નથી, પરંતુ ગીરોના કિસ્સામાં બેંકો માત્ર ટાઈટલ જ નહીં, પણ મિલક્ત પર પણ બોજો ઊભો કરે છે અને ડિફોલ્ટના કિસ્સામાં મિલ્કતની હરાજી પણ બેંકો દ્વારા કરવામાં આવે છે. આથી આર્ટિકલ ૬ (૧) ની જોગવાઈમાં હક્કપત્ર અનામત રાખવા પણ સરચાર્જના દાયરામાં લાવવાનો સુધારો દાખલ કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું.

વધુમાં, કલમ-૧૦ (એ) ઉમેરીને સરકારી સંસ્થાઓ, સ્થાનિક સત્તા મંડળ, બોર્ડ-નિગમ વગેરે દ્વારા ભાડાપટ્ટે અથવા તો વેચાણ અપાતી મિલકતો પર સ્ટેમ્પ ડયૂટી વસૂલવા પાત્ર છે કે કેમ તે નકકી કરવાની સત્તા પણ સક્ષમ સત્તાધિકારીને આપવામાં આવે છે તેમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી રાજપૂતે જણાવ્યું કે આ બિલમાં એક તરફ પ્રજાહિતના નિર્ણયો લઈને કાયદાકીય આંટીઘૂંટીઓ સરળ બનાવાઈ છે, તો બીજી તરફ કોઈ પણ ચમરબંધી છૂટી ન જાય કે તંત્રની સત્તાને નકારી નહીં શકે. ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ થઈ હોય, તેવા દસ્તાવેજો કોઈ જગ્યાએ રાખેલા હોય, તો તે જગ્યાએ પ્રવેશ કરવાની અને જપ્તી કરવાની સત્તા પણ અધિકારીઓને આપવામાં આવી છે. જો આમ કરતાં અધિકારીઓને કોઈ અટકાવશે, તો તેના માટે દંડ સાથે જેલની સજાની જોગવાઈ પણ દાખલ કરવામાં આવી છે. આમ આ સુધારા બિલથી અધિનિયમને વધુ અસરકારક, પારદર્શી, નાગરિક કેન્દ્રિત, જનસામાન્ય માટે સરળ એવી જોગવાઈઓ કરવામાં આવી છે અને વારસાગત મિલકતોની તબદીલી એકદમ સરળ, પારદર્શક અને માનવીય અભિગમથી થઈ શકે તેવી જોગવાઈ પણ કરી છે. આ ઉપરાંત, સ્ટેમ્પ ડ્યૂટીની ચોરી અટકાવી, રાજયની આવક સુરક્ષિત કરી, પ્રામાણિક કરદાતાઓને પ્રોત્સાહન મળી રહે તે પ્રકારની જોગવાઈઓ પણ આ બિલમાં કરી છે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL